**પ્રશ્ન : ૩ ઈમ્પેકટ ફી ભરવાની મુદતમાં વધારો કરવા બાબત** ... 2

**પેટા પ્રશ્નો** ... 12

પેટા પ્રશ્ન ૧ (શ્રી મનુભાઇ પટેલ, ઉધના) ... 13

પેટા પ્રશ્ન ૨ (શ્રી અમિતભાઇ ઠાકર, વેજલપુર) ... 16

પેટા પ્રશ્ન ૩ (શ્રી ઉદયભાઇ કાનગડ, રાજકોટ પૂર્વ) ... 18

પેટા પ્રશ્ન ૪ (શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર) ... 21

**પ્રશ્ન : ૮ નર્મદા યોજનાના કામ પૂર્ણ કરવા બાબત** ... 23

**પેટા પ્રશ્નો** ... 40

પેટા પ્રશ્ન ૧ (શ્રી અનિરૂધ્ધ દવે, માંડવી) ... 41

પેટા પ્રશ્ન ૨ (શ્રી કરશનભાઇ સોલંકી, કડી) ... 43

પેટા પ્રશ્ન ૩ (શ્રી કેશાજી ચૌહાણ(ઠાકોર), દિયોદર) ... 45

**પ્રશ્ન : ૧૭ ધ્રાંગધ્રા શાખા નહેરની લંબાઇ અને પાણીનું વહન બાબત** ... 47

**પેટા પ્રશ્નો** ... 59

પેટા પ્રશ્ન ૧ (શ્રી પ્રકાશભાઇ વરમોરા, ધ્રાંગધ્રા) ... 60

પેટા પ્રશ્ન ૨ (શ્રી કાંતિભાઇ અમૃતિયા, મોરબી) ... 61

પેટા પ્રશ્ન ૩ (શ્રી દુર્લભજીભાઇ દેથરીયા, ટંકારા) ... 62

**પ્રશ્ન : ૧૯ સરદાર સરોવર યોજના માટે ગ્રાન્ટ** ... 63

**પેટા પ્રશ્નો** ... 74

પેટા પ્રશ્ન ૧ (શ્રી કિરીટભાઇ પટેલ, ઉંઝા) ... 75

પેટા પ્રશ્ન ૨ (શ્રી બલરાજસિંહ ચૌહાણ, દહેગામ) ... 76

પેટા પ્રશ્ન ૩ (શ્રી જે.વી. કાકડીયા, લાઠી) ... 77

**મુખ્ય પેજ**

# અગ્રતા ક્રમ : 3

# પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૫૮૮

# તા.૧૪/૦૨/૨૦૨૪

# શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**
**શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ, લુણાવાડા**

**પ્રશ્ન : 'ઈમ્પેકટ ફી ભરવાની મુદતમાં વધારો કરવા બાબત.'**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**ઈમ્પેકટ ફી ભરવાની મુદતમાં વધારો કરવા બાબત**

***15/4/1588 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **૧** | ગુજરાત રેગ્યુલાઈઝેશન ઓફ અનઓથોરાઈઝડ ડેવલપમેન્ટ એક્ટનો અમલ ક્યારથી કરવામાં આવ્યો છે. | **૧** | તા.૧૭/૧૦/૨૦૨૨ થી |
| **૨** | ઉક્ત એક્ટ હેઠળ ગેરકાયદે બાંધકામો કાયદેસર/નિયમિત કરવા ઈમ્પેકટ ફી ભરવા માટે કયારે મુદતમાં કેટલો વધારો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કરવામાં આવ્યો, અને | **૨** | તા.૧૦/૦૩/૨૦૨૩ ના જાહેરનામાથી ૪ માસ<br>તા.૧૫/૦૬/૨૦૨૩ ના જાહેરનામાથી ૬ માસ<br>તા.૧૪/૧૨/૨૦૨૩ ના જાહેરનામાથી ૬ માસ |
| **3** | ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં વધારો કરવાના કારણો શા છે ? | **3** | જાહેરહિતમાં |

મુખ્ય પેજ

# પુરક નોંધ

| | |
|---|---|
| ગુજરાત રેગ્યુલાઈઝેશન ઓફ અનઓથોરાઈઝડ ડેવલપમેન્ટ એક્ટનો અમલ ક્યારથી કરવામાં આવ્યો છે. | અમલ તારીખ ૧૭/૧૦/૨૦૨૨ (કાયદામાં અરજી કરવાની મુદત ૧૬/૦૨/૨૦૨૩ સુધીની હતી.) |
| અરજી કરવાની મુદત વધારો | **પ્રથમ વખત: –** ૧૭/૦૨/૨૦૨૩ થી ૧૬/૦૬/૨૦૨૩ : ૪ માસ મુદત વધારો.<br><br>**બીજી વખત :–** ૧૭/૦૬/૨૦૨૩ થી ૧૬/૧૨/૨૦૨૩ : ૬ માસ મુદત વધારો.<br><br>**ત્રીજી વખત :–** ૧૭/૧૨/૨૦૨૩ થી ૧૬/૦૬/૨૦૨૪ : ૬ માસ મુદત વધારો. |

- શહેરીકરણ એ વિકાસ પ્રક્રિયાનો એક ભાગ છે. વિકાસના આ તબક્કામાં શહેરોના આર્થિક વિકાસથી લોકોને મોટી સંખ્યામાં રોજગાર ઉપલબ્ધ થાય છે. શહેરી વિસ્તાર તરફના લોકોના અતિસ્થળાંતરથી રહેણાક, વાણિજિયક અને અન્ય ઉપયોગ માટેની મિલકતોની માંગમાં વધારો થાય છે. રાજ્યમાં ઝડપી શહેરીકરણને કારણે શહેરી વસાહતોના કદ અને વ્યાપમાં વધારો થતાં મોટી સંખ્યામાં પરવાનગી સિવાય મકાનો બાંધવામાં આવ્યાં છે અથવા પરવાનગી આપવામાં આવી

મુખ્ય પેજ

હોય, ત્યાં વિકાસ અને નિયંત્રણ વિનિયમોનું ઉલ્લંઘન કરીને બાંધકામ કરવામાં આવ્યાં છે.

- આવા મકાનોના માલિકો અને કબજેદારોને, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ અથવા ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અથવા યથાપ્રસંગ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ મકાનો દૂર કરવા, તોડી પાડવા અથવા તેમાં ફેરફાર કરવા ફરમાવતી નોટિસો આપવામાં આવી છે. તેમ છતાં, માલિકો અને કબજેદારો, નોટિસના આદેશનું પાલન કરવામાં નિષ્ફળ ગયા છે.
- આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે, ગુજરાત સરકારે, સન ૨૦૦૧ અને સન ૨૦૧૧માં, અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ અધિનિયમિત કર્યા હતા. કેટલોક અનધિકૃત વિકાસ નિયમિત કરવામાં આવ્યો હતો, પણ તેનાથી ધાર્યા મુજબના પરિણામો મળ્યા ન હતા અને મોટી સંખ્યામાં મકાનો નિયમિત થઈ શક્યા નથી અને તે હજી બિલ્ડિંગ યુઝ (BU) (મકાનના ઉપયોગની) પરવાનગી વગરના હતા.

- આવા બાંધકામોને મોટા પ્રમાણમાં દૂર કરવા, તોડી પાડવા અથવા તેમાં ફેરફાર કરવાથી, કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન

ઊભો થવાની શક્યતા હતી અને જાહેર જનતાને હાડમારી ઊભી થવાનો ભય હતો. જેનું નિવારણ લાવવા સરકાર દ્વારા પ્રયત્ન કરવા જરૂરી હતા. આથી, અનધિકૃત બાંધકામો અને ઉલ્લંઘનના પ્રકાર જાણવા માટે એક નમૂનારૂપ સરવે કરવામાં આવ્યો હતો. જેના અભ્યાસના આધારે આવી પરિસ્થિતિ નિવારવા માટે, માંડવાળ ફ્રીની ચુકવણી કર્યેથી, રાજ્યમાંના શહેરોમાં અનધિકૃત મકાનો અને માળખાઓને નિયમિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના અધિનિયમ–૨૦૨૨ તા.૧૭/૧૦/૨૦૨૨ ના રોજ અમલમાં લાવવામાં આવેલ છે.

મુખ્ય પેજ

- ગુજરાત અનધિકૃત બાંધકામને નિયમિત કરવા બાબતના અધિનિયમ, ૨૦૨૨ હેઠળ, અનધિકૃત વિકાસને નિયમિત ત્યારે જ કરી શકાશે જો તે અગ્નિ સલામતીના પગલાં, માળખાકીય સ્થિરતા અને રહેવાસીઓની સલામતી સાથે સુસંગત હોય. સરકાર, જાહેરહિતને ધ્યાનમાં લઈને અને માળખાકીય વિકાસ કરવા માટે, આ અધિનિયમથી, લોકોની પ્રતિકુળતા ઘટાડવા અને રહેવાસીઓની સલામતી સુનિશ્ચિત કરવા ઈચ્છે છે. અનધિકૃત બાંધકામને નિયમિત કરવા માટે ઠરાવેલી ફીનો માળખાકીય વિકાસ માટે ઉપયોગ કરવામાં આવશે, જે મોટા પ્રમાણમાં જાહેર જનતા અને સમાજના હિત માટે સહાયરૂપ અને લાભકારક બની રહ્યો છે.

- ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતનો અધિનિયમ, ૨૦૨૨ અમલમાં આવ્યા બાદ લોકો દ્વારા ખૂબ સારો પ્રતિભાવ સરકારને મળેલ છે. અધિનિયમ અમલમાં આવ્યો તે સમયે લોકોને ગેરકાયદેસર બાંધકામને નિયમિત કરવાની કાર્યવાહી કરવા હાલાકી ભોગવવી ન પડે તે હેતુથી આ કામગીરી ઓનલાઇન શરૂ કરવામાં આવેલ અને ત્યારબાદ મહત્તમ લોકો આ અધિનિયમનો લાભ મેળવી શકે તે હેતુથી, સરકાર દ્વારા ઓફલાઇન અરજી કરવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવતા અરજદાર દ્વારા કરવામાં આવતી અરજીઓમાં સતત વધારો થઇ રહ્યો છે.

મુખ્ય પેજ

- **કાયદો જ્યારે અમલમાં આવ્યો ત્યારે શરૂઆતના તબક્કામાં ફેબ્રુઆરી–૨૦૨૩ સુધીમાં ૭૭૩૦૯ જેટલી અરજીઓ પ્રાપ્ત થયેલ હતી.**
- **ફેબ્રુઆરી–૨૦૨૩ થી ફેબ્રુઆરી–૨૦૨૪ સુધીમાં ૧,૦૧,૧૩૯ જેટલી અરજીઓ પ્રાપ્ત થઈ છે.**
- **આમ અરજીઓની સંખ્યામાં ખુબ મોટો વધારો જોવા મળી રહ્યો છે તથા અરજી કરવાની સમયમર્યાદ જુન–૨૦૨૪ સુધીની હોઈ, હજી વધુ અરજીઓ મળવાની સંભાવના છે.**

## સમય મર્યાદા વધારવા માટેનું જાહેર હીત

- ગૃડા–૨૦૨૨ અમલમાં આવ્યાના ત્રણ માસ બાદ ઈ–નગર પોર્ટલ પર ઉપલબ્ધ થયેલ અરજીઓની સંખ્યા ઓછી જણાતા તથા અરજદારશ્રીઓને ઓનલાઈન અરજી કરવામાં હાલાકી પડતી હોવાનું ધ્યાને આવતા અરજદારશ્રીઓને ઓનલાઈનની સાથો સાથે ઓફલાઈન માધ્યમથી પણ અરજી કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવી ઉચિત જણાતા વધુમાં વધુ જાહેર જનતા સદર કાયદાનો લાભ લઈ બિનઅધિકૃત બાંધકામને અધિકૃત કરાવી બી.યુ. મેળવી શકે તે હેતુથી વિભાગના **તા.૦૩.૦૩.૨૦૨૩**ના પત્રથી તમામ મહાનગરપાલિકા, નગરપાલિકા અને વિકાસ સત્તામંડળોને ઓનલાઈન અથવા **ઓફલાઈન અરજીઓ સ્વિકારવાનો વિકલ્પ આપવામાં આવેલ**

મુખ્ય પેજ

હતો. જે ધ્યાને લઈ સમય મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય જાહેરહિતમાં કરવામાં આવેલ.

- અરજદારોને અધિનિયમની જોગવાઈઓની સમજણ તથા તેમાં અરજદારોને થતી મુંજવણ બાબતે સરકારશ્રીને વિવિધ કક્ષાએથી અલગ અલગ જોગવાઈઓ પરત્વે રજુઆતો મળેલ જેને ધ્યાને લઈ તેઓને યોગ્ય સમજણ મળે અને મુંજવણ દુર થાય તથા કાયદાનો મહત્તમ લાભ લોકો લઈ શકે તે હેતુથી તા.૨૬.૧૦.૨૦૨૩ના રોજ F.A.Q. મહાનગરપાલિકા, નગરપાલિકા અને વિકાસ સત્તામંડળોને પાઠવવામાં આવેલ અને ઈ–નગર પોર્ટલપર જાહેર જનતા જોઈ શકે તે હેતુથી પ્રસિદ્ધ કરવામાં આવેલ. જે બાદ લોકોનો ખુબ સારો પ્રતિસાદ મળેલ અને જાગૃતતામાં વધારો થયેલ જેના અનુસંધાને મહાનગરપાલિકા, નગરપાલિકા અને વિકાસ સત્તામંડળો દ્વારા વધુ અરજી આવવાની સંભાવના હોઈ તથા નાના નગરોના લોકોને પણ આ અધિનિયમનો મહત્તમ લાભ મળે તે હેતુથી અરજી કરવાની સમયમર્યાદા વધારવા માટે સરકારને રજુઆત કરવામાં આવેલ, જે ધ્યાને લઈ જાહેરહિતમાં ત્રીજી વાર સમય મર્યાદા તા.૧૭.૧૨.૨૦૨૩ થી તા.૧૬.૦૬.૨૦૨૪ સુધી ૬ માસ માટે વધારવામાં આવેલ.
- આમ, સદર અધિનિયમ જે હેતુ માટે લાવવામાં આવ્યો છે તે હેતુને સિદ્ધ કરવા અરજી કરવાની સમયમર્યાદામાં તબક્કાવાર વધારો કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

## વિવિધ સંસ્થાઓમાં ૧૦.૦૨.૨૦૨૪ ની સ્થિતિએ પ્રાપ્ત થયેલ અરજીઓ

| | પ્રાપ્ત થયેલ | મંજુર | નામંજુર | નિકાલ બાકી |
|---|---|---|---|---|
| મહાનગરપાલિકાઓ | 129447 | 19749 | 19592 | 90106 (70%) |
| વિકાસ સત્તામંડળો | 41311 | 8151 | 12409 | 20751 (50%) |
| નગરપાલિકાઓ | 7690 | 702 | 802 | 6186 (80%) |
| **કુલ સરવાળો** | **178448** | **28602** | **32803** | **117043 (66%)** |

## મહાનગરપાલીકાઓ

| ક્રમ | મ.ન.પા | તા.૧૦.૦૨.૨૦૨૪ ની સ્થિતિએ પ્રાપ્ત થયેલ અરજીઓ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | પ્રાપ્ત થયેલ | મંજુર | નામંજુર | નિકાલ બાકી | |
| 1 | અમદાવાદ | 64595 | 6321 | 11115 | 47159 | 73% |
| 2 | ભાવનગર | 3766 | 1142 | 287 | 2337 | 62% |
| 3 | ગાંધીનગર | 4168 | 2050 | 176 | 1942 | 47% |
| 4 | જામનગર | 7790 | 2716 | 2865 | 2209 | 28% |
| 5 | જુનાગઢ | 2152 | 1143 | 183 | 826 | 38% |
| 6 | રાજકોટ | 9763 | 2484 | 501 | 6778 | 69% |
| 7 | સુરત | 25609 | 2406 | 3014 | 20189 | 79% |
| 8 | વડોદરા | 11604 | 1487 | 1451 | 8666 | 75% |
| **કુલ સરવાળો** | | **1,29,447** | **19,749** | **19,592** | **90,106** | **70%** |

મુખ્ય પેજ

## વિકાસ સત્તામંડળો

| ક્રમ | સત્તામંડળ | તા.૧૦.૦૨.૨૦૨૪ સુધી પ્રાપ્ત થયેલ અરજીઓ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | પ્રાપ્ત થયેલ | મંજુર | નામંજુર | નિકાલ બાકી | |
| 1 | અમદાવાદ (ઔડા) | 2507 | 75 | 891 | 1541 | 61% |
| 2 | ભાવનગર (બાડા) | 49 | 14 | 16 | 19 | 39% |
| 3 | ગાંધીનગર (ગુડા) | 199 | 40 | 88 | 71 | 36% |
| 4 | જામનગર (જાડા) | 540 | 17 | 309 | 214 | 40% |
| 5 | જુનાગઢ (જુડા) | 75 | 21 | 15 | 39 | 52% |
| 6 | રાજકોટ (રૂડા) | 747 | 102 | 334 | 311 | 42% |
| 7 | સુરત (સુડા) | 3271 | 76 | 1997 | 1198 | 37% |
| 8 | વડોદરા (વુડા) | 6844 | 508 | 3539 | 2797 | 41% |
| 9 | અન્ય સત્તામંડળો | 27079 | 7298 | 5220 | 14561 | 54% |
| **કુલ સરવાળો** | | **41311** | **8151** | **12409** | **20751** | **50%** |

## નગરપાલિકાઓ

| ક્રમ | પ્રાદેશીક કમિશનર | તા.૧૦.૦૨.૨૦૨૪ સુધી પ્રાપ્ત થયેલ અરજીઓ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | પ્રાપ્ત થયેલ | મંજુર | નામંજુર | નિકાલ બાકી | |
| 1 | અમદાવાદ | 3282 | 229 | 207 | 2846 | 87% |
| 2 | ભાવનગર | 272 | 66 | 50 | 156 | 57% |
| 3 | ગાંધીનગર | 1156 | 175 | 343 | 638 | 55% |
| 4 | રાજકોટ | 2774 | 219 | 134 | 2421 | 87% |
| 5 | સુરત | 149 | 12 | 48 | 89 | 60% |
| 6 | વડોદરા | 57 | 1 | 20 | 36 | 63% |
| **કુલ સરવાળો** | | **7690** | **702** | **802** | **6186** | **80%** |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૩

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૫૮૮

## તા.૧૪/૦૨/૨૦૨૪

## શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી ગુલાબસિંહ ચૌહાણ, લુણાવાડા**

**પ્રશ્ન : 'ઈમ્પેકટ ફી ભરવાની મુદતમાં વધારો કરવા બાબત.**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતનો અધિનિયમ, ૨૦૨૨ ની સમયમર્યાદા વધારવા પાછળના પરિબળો કયા છે? | શ્રી મનુભાઇ પટેલ, ઉધના |
| ૨ | ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરવા માટે અરજદારે કયા દરે ફી ચૂકવવાની રહે છે? | શ્રી અમિતભાઇ ઠાકર, વેજલપુર |
| ૩ | ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના અધિનિયમ-૨૦૨૨ અને આ અગાઉના ૨૦૧૧ ના અધિનિયમમાં શું તફાવત છે? | શ્રી ઉદયભાઇ કાનગડ, રાજકોટ પૂર્વ |
| ૪ | ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના અધિનિયમ-૨૦૨૨ અંતર્ગત કેવા પ્રકારની જમીનો ઉપર કરવામાં આવેલ બાંધકામ અને કેવા પ્રકારના બાંધકામ નિયમિત થઇ શકતા નથી? | શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ :– ૩**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૪/૧૫૭૪**

**શહેરી વિકાસ વિભાગ**

**તા.૧૪/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી મનુભાઇ પટેલ, ઉધના)

- ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતનો અધિનિયમ, ૨૦૨૨ ની સમયમર્યાદા વધારવા પાછળના પરિબળો કયા છે ?

**જવાબ:**

- ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતનો અધિનિયમ, ૨૦૨૨(ગૃડા – ૨૦૨૨) અમલમાં આવ્યાના ત્રણ માસ બાદ ઈ–નગર પોર્ટલ પર ઉપલબ્ધ થયેલ **અરજીઓની સંખ્યા ઓછી જણાતા** તથા અરજદારશ્રીઓને **ઓનલાઈન અરજી કરવામાં હાલાકી પડતી હોવાનું ધ્યાને આવતા** અરજદારશ્રીઓને ઓનલાઈનની સાથો સાથે ઓફલાઈન માધ્યમથી પણ અરજી કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવી ઉચિત જણાતા **વધુમાં વધુ જાહેર જનતા સદર કાયદાનો લાભ લઈ** બિનઅધિકૃત બાંધકામને અધિકૃત કરાવી બી.યુ. મેળવી શકે તે હેતુથી વિભાગના **તા.૦૩.૦૩.૨૦૨૩**

મુખ્ય પેજ

ના પત્રથી તમામ મહાનગરપાલિકા, નગરપાલિકા અને વિકાસ સત્તામંડળોને ઓનલાઈન અથવા ઓફલાઈન અરજીઓ સ્વિકારવાનો વિકલ્પ આપવામાં આવેલ હતો. જે ધ્યાને લઇ સમય મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય જાહેરહિતમાં કરવામાં આવેલ.

➤ સદર બાબતનો વટહુકમ અમલમાં આવ્યો ત્યારે અમલવારીની તારીખથી અરજદારો દ્વારા કરવામાં આવેલ અરજીમાં સતત વધારો જોવા મળેલ છે. અરજદારો દ્વારા કરવામાં આવેલ અરજીની વિગતો જોતાં,

| **માસ** | **પ્રાપ્ત થયેલ અરજી** |
|---|---|
| ઓક્ટોબર–૨૨ સુધીમાં | ૧૭૭ |
| નવેમ્બર–૨૨ સુધીમાં | ૩૩૧૬ |
| ડિસેમ્બર–૨૨ સુધીમાં | ૧૧૪૪૫ |
| જાન્યુઆરી–૨૩ સુધીમાં | ૩૨૨૫૮ |
| ફેબ્રુઆરી–૨૩ સુધીમાં | ૮૨૪૪૯ |
| માર્ચ–૨૩ સુધીમાં | ૮૬૫૩૬ |
| એપ્રિલ–૨૩ સુધીમાં | ૧૨૪૬૨૨ |
| મે–૨૩ સુધીમાં | ૧૩૦૩૫૯ |

| **માસ** | **પ્રાપ્ત થયેલ અરજી** |
|---|---|
| જૂન–૨૩ સુધીમાં | ૧૪૮૭૧૭ |
| જુલાઈ–૨૩ સુધીમાં | ૧૫૨૨૨૨ |
| ઓગસ્ટ–૨૩ સુધીમાં | ૧૫૫૬૫૫ |
| સપ્ટેમ્બર–૨૩ સુધીમાં | ૧૫૮૪૩૩ |
| ઓક્ટોબર–૨૩ સુધીમાં | ૧૬૧૭૬૯ |
| નવેમ્બર–૨૩ સુધીમાં | ૧૬૪૧૬૧ |
| ડિસેમ્બર–૨૩ સુધીમાં | ૧૭૫૨૧૫ |
| **જાન્યુઆરી–૨૩ સુધીમાં** | **૧૭૭૮૯૧** |

મુખ્ય પેજ

- અરજદારોને અધિનિયમની જોગવાઈઓની સમજણ તથા તેમાં અરજદારોને થતી મુંજવણ બાબતે સરકારશ્રીને વિવિધ કક્ષાએથી અલગ અલગ જોગવાઈઓ પરત્વે રજુઆતો મળેલ જેને ધ્યાને લઈ તેઓને **યોગ્ય સમજણ મળે અને મુંજવણ દુર થાય તથા કાયદાનો મહત્તમ લાભ લોકો લઈ શકે તે હેતુથી** તા.૨૬.૧૦.૨૦૨૩ના રોજ F.A.Q. મહાનગરપાલિકા, નગરપાલિકા અને વિકાસ સત્તામંડળોને પાઠવવામાં આવેલ અને ઈ–નગર પોર્ટલપર જાહેર જનતા જોઈ શકે તે હેતુથી પ્રસિદ્ધ કરવામાં આવેલ. જે બાદ લોકોનો ખુબ સારો પ્રતિસાદ મળેલ અને જાગૃતતામાં વધારો થયેલ જેના અનુસંધાને મહાનગરપાલિકા, નગરપાલિકા અને વિકાસ સત્તામંડળો દ્વારા વધુ અરજી આવવાની સંભાવના હોઈ તથા નાના નગરોના લોકોને પણ આ અધિનિયમનો મહત્તમ લાભ મળે તે હેતુથી અરજી કરવાની સમયમર્યાદા વધારવા માટે સરકારને રજુઆત કરવામાં આવેલ, જે ધ્યાને લઈ જાહેરહિતમાં ત્રીજી વાર સમય મર્યાદા તા.૧૭.૧૨.૨૦૨૩ થી તા.૧૬.૦૬.૨૦૨૪ સુધી ૬ માસ માટે વધારવામાં આવેલ.

- આમ, સદર અધિનિયમ જે હેતુ માટે લાવવામાં આવ્યો છે તે હેતુને સિદ્ધ કરવા અરજી કરવાની સમયમર્યાદામાં તબક્કાવાર વધારો કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ (શ્રી અમિતભાઇ ઠાકર, વેજલપુર)

➢ ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરવા માટે અરજદારે કયા દરે ફી ચૂકવવાની રહે છે?

**જવાબ:**

➢ ગેરકાયદેસર બાંધકામને નિયમિત કરવા બાબતે નક્કી કરાયેલ ફીના દર જોઇએ તો...

| વધારાના બાંધકામનો એરિયા | દર | રિમાર્ક્સ |
|---|---|---|
| ૫૦ ચો.મી. સુધી | રૂા. ૩,૦૦૦/- | એટલે કે, ૫૦ ચો.મી. સુધી જો ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હોય તો રૂા.૩,૦૦૦/- ની ફી ભર્યેથી ગેરકાયદેસર બાંધકામ નિયમિત થઇ શકે છે. |
| ૫૦ ચો.મી. થી વધુ ૧૦૦ ચો.મી. સુધી | રૂા. ૩,૦૦૦/- ઉપરાંત વધારાના રૂા.૩,૦૦૦/- | એટલે કે, ૫૦ ચો.મી. થી વધુ અને ૧૦૦ ચો.મી. સુધીનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હોય તો રૂા.૬,૦૦૦/- ની ફી ભર્યેથી ગેરકાયદેસર બાંધકામ નિયમિત થઇ શકે છે. |
| ૧૦૦ ચો.મી. થી વધુ ૨૦૦ ચો.મી. સુધી | રૂા. ૬,૦૦૦/- ઉપરાંત વધારાના રૂા.૬૦૦૦/- | એટલે કે, ૧૦૦ ચો.મી. થી વધુ અને ૨૦૦ ચો.મી. સુધીનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હોય તો રૂા.૧૨,૦૦૦/- ની ફી ભર્યેથી ગેરકાયદેસર બાંધકામ નિયમિત થઇ શકે છે. |
| ૨૦૦ ચો.મી. થી વધુ ૩૦૦ ચો.મી. સુધી | રૂા. ૧૨,૦૦૦/- ઉપરાંત વધારાના રૂા.૬,૦૦૦/- | એટલે કે, ૨૦૦ ચો.મી. થી વધુ અને ૩૦૦ ચો.મી. સુધીનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હોય તો રૂા.૧૮,૦૦૦/- ની ફી ભર્યેથી ગેરકાયદેસર બાંધકામ નિયમિત થઇ શકે છે. |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૩૦૦ ચો.મી. થી વધુ | રૂા. ૧૮,૦૦૦/– ઉપરાંત પ્રતિ ચો.મી. રૂા.૧૫૦/– ના દરે | એટલે કે, 300 ચો.મી. થી વધુ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હોય તો રૂા.૧૮,૦૦૦/– ની ફી ઉપરાંત ૩૦૦ ચો.મી. ઉપર પ્રતિ ચો.મી. રૂા.૧૫૦/– ના દરે ફી ભર્યેથી ગેરકાયદેસર બાંધકામ નિયમિત થઇ શકે છે. |

આ ઉપરાંત, પાર્કિંગ ફી અને કાયદાને સુસંગત હોય તેવા અન્ય લાગુ પડતી ફી/ ચાર્જિસ સત્તામંડળને ચૂકવવાના રહે છે.

પેટા પ્રશ્ન ૩ (શ્રી ઉદયભાઇ કાનગડ, રાજકોટ પૂર્વ)

- ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના અધિનિયમ–૨૦૨૨ અને આ અગાઉના ૨૦૧૧ ના અધિનિયમમાં શું તફાવત છે?

**જવાબ:**

- ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના અધિનિયમ–૨૦૨૨ અને આ અગાઉના ૨૦૧૧ ના અધિનિયમમાં શું તફાવત છે જોઇએ તો...

| **ક્રમ** | **ગૃડા – ૨૦૧૧** | **ગૃડા – ૨૦૨૨** |
|---|---|---|
| ૧ | ફક્ત મહાનગરપાલિકા અને શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળોના વિસ્તાર પુરતો જ લાગુ | મહાનગરપાલિકા અને શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળો ઉપરાંત નગરપાલિકા વિસ્તારને પણ આવરી લેવામાં આવેલ |
| ૨ | ખુટતા પાર્કીંગ માટે પાર્કિંગ કમીટી દ્વારા નિર્ણય કરવા અંગેની જોગવાઇ. | સત્તામંડળ કક્ષાએથી જ ખુટતા પાર્કિંગ માટે નિર્ણય લઇ શકાશે. |
| ૩ | ખુટતા તમામ પાર્કિંગ માટે પાર્કિંગ કમીટીની ભલામણ અન્વયે ફી લઇ શકાતી હતી. | ખુટતા પાર્કિંગના ઓછામાં ઓછા ૫૦% પાર્કિંગ જેતે સ્થળે ફરજીયાત. બાકી રહેતું ૫૦% પાર્કિંગ ૫૦૦ મી.ની હદમાં આપવું અથવા જંત્રી આધારીત નિયત કરેલ ફી વસુલવાની રહે. |

મુખ્ય પેજ

| ક્રમ | ગૃડા – ૨૦૧૧ | ગૃડા – ૨૦૨૨ |
|---|---|---|
| ૪ | કોમનપ્લોટમાં કરેલ તમામ બાંધકામ નિયમિત થઇ શકતું હતુ. | કોમન પ્લોટમાં ફકત સોસાયટીના સંયુકત ઉપયોગ માટે કોમન પ્લોટના કુલ ક્ષેત્રફળના ૫૦% સુધીનુ બાંધકામ નિયમીત થઇ શકશે |
| ૫ | બિનરહેણાંક ઉપયોગો એટલે કે વાણીજય, ઔધોગીક, શૈક્ષણીક, હોસ્પીટલ વિગેરેમાં એફ.એસ.આઇ.ની મર્યાદા વિના નિયમીત કરી શકાતુ. | બિનરહેણાંક ઉપયોગો એટલે કે વાણીજય, ઔધોગીક, શૈક્ષણીક, હોસ્પીટલ વિગેરેમાં મળવાપાત્ર એફ.એસ.આઇ.થી વધારાની ૫૦ % એફ.એસ.આઇ. સુધીનું બાંધકામ જ નિયમીત થઇ શકશે. |
| ૬ | સ્કુલ સાથેના પ્લે ગ્રાઉન્ડમાં કરવામાં અનઅધિકૃત બાંધકામ નિયમબદ્ઘ થઇ શકતુ હતુ. | સ્કુલ સાથેના પ્લે ગ્રાઉન્ડમાં કરવામાં અનઅધિકૃત બાંધકામ નિયમબદ્ઘ થઇ શકશે નહી. |
| ૭ | ફાયર સેફટી અને સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટી વાળા બિનધિકૃત બાંધકામો નિયમીત કરી શકાતા હતા. | સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટી ઉપરાંત ફાયર એક્ટ – ૨૦૧૩, રેરા એક્ટ – ૨૦૧૬ અને ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ ની સાથે સુસંગત હોય તેવા બિનધિકૃત બાંધકામો નિયમીત કરી શકાશે. |
| ૮ | આ અધિનિયમ હેઠળ અધિકૃત થયેલ બાંધકામ બી.યુ. સમકક્ષ ગણવામાં આવતુ ન હતુ . | આ અધિનિયમ હેઠળ અધિકૃત થયેલ બાંધકામ બી.યુ. સમકક્ષ ગણાય છે. |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૯ | બાંધકામ નિયમીત કરવા બાબતની અરજી રદ કરવા અંગે નિર્ણય લેવાની મર્યાદા ૧૮ મહીના. | બાંધકામ નિયમીત કરવા બાબતની અરજી રદ કરવા અંગે નિર્ણય લેવાની મર્યાદા ૬ મહીના. |
| ૧૦ | બાંધકામ નિયમીત કરવા બાબતની અરજી પરત્વે ફી ભરવાની સમય મર્યાદા ૧ મહીનો. | બાંધકામ નિયમીત કરવા બાબતની અરજી પરત્વે ફી ભરવાની સમય મર્યાદા ૨ મહીના. |

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૪ (શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર)

- ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના અધિનિયમ–૨૦૨૨ અંતર્ગત કેવા પ્રકારની જમીનો ઉપર કરવામાં આવેલ બાંધકામ અને કેવા પ્રકારના બાંધકામ નિયમિત થઇ શકતા નથી?

**જવાબ:**

- **ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના અધિનિયમ–૨૦૨૨ અંતર્ગત પ્રકારની જમીનો ઉપર થયેલ અનધિકૃત બાંધકામ નિયમિત કરી શકાય નહિ તેની વિગતો જોઇએ તો...**
- સરકાર, સ્થાનિક સત્તામંડળ અથવા વૈધાનિક મંડળની માલિકીની જમીન
- કોઇ ચોક્કસ હેતુ માટે સરકાર, સ્થાનિક સત્તામંડળ અથવા વૈધાનિક મંડળે સંપાદિત કરેલ અથવા ફાળવેલી જમીન
- વિકાસ યોજના અથવા નગર રચના યોજનામાં દર્શાવેલ રસ્તાની લાઇનદોરી હેઠળની અથવા જાહેર રસ્તાની લાઇનદોરી હેઠળની જમીન
- વિકાસ યોજના અથવા નગર રચના યોજના હેઠળ અનામત રાખેલ જમીન
- જળમાર્ગો અને જળાશયો જેવા કે, તળાવના પટ, નદીના પટ, કુદરતી વહેણ અને બીજા એવા સ્થળો પર થયેલ બાંધકામ

મુખ્ય પેજ

- ત્રાસદાયક અને જોખમી ઔધોગિક વિકાસના હેતુ માટે અલગ રાખેલ વિસ્તાર
- શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ રમતનું મેદાન

## ❖ ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના અધિનિયમ–૨૦૨૨ અંતર્ગત કયા પ્રકારના બાંધકામ નિયમિત થઇ શકતા નથી તેની વિગતો જોઇએ તો...

- જે ઝોનમાં મળવાપાત્ર એફ.એસ.આઇ ૧.૦ કરતાં ઓછી હોય તેવા વિસ્તારોમાં થયેલ બાંધકામ
- રહેણાંક ઉપયોગ સિવાયમાં, મળવાપાત્ર એફ.એસ.આઇ વાપરવામાં આવી હોય તે ઉપરાંત પરવાનગીપાત્ર એફ.એસ.આઇ કરતાં ૫૦ ટકાથી વધુ એફ.એસ.આઇ નો ઉપયોગ કર્યો હોય તેવા બાંધકામ
- પ્લોટની હદની બહાર કરવામાં આવેલ બાંધકામ
- વપરાશ, ફેર આરોગ્યને હાનિકારક થઇ શકે તેમ હોય અથવા આરોગ્ય અને સલામતી માટે જોખમકારક હોય તેવા બાંધકામ
- અનધિકૃત વિકાસ, પાણી પુરવઠા, ગટર–વ્યવસ્થા, ગટર યોજના, વીજળી અથવા ગેસ અથવા બીજી કોઇપણ લોકોપયોગી સેવાના પુરવઠાના સાધનોની લાઇનદોરી હેઠળ આવતો હોય ત્યારે
- રાજ્ય સરકાર ઠરાવે તેવો અનધિકૃત વિકાસ નિયમિત થવા પાત્ર નથી.

**મુખ્ય પેજ**

# અગ્રતા ક્રમ : ૮

# પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૫૭૪

# તા.૧૪/૦૨/૨૦૨૪

# નર્મદા વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**

**શ્રી શૈલેષ મનુભાઈ પરમાર, દાણીલીમડા**

**પ્રશ્ન : નર્મદા યોજનાના કામ પૂર્ણ કરવા બાબત.**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**તારાંકિત વિધાનસભા પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૫૭૪**
**પ્રશ્નનું સંક્ષિપ્ત શિર્ષક : નર્મદા યોજનાના કામ પૂર્ણ કરવા બાબત**
**પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા)**

***પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૩/૦૩/૨૦૨૩ ના રોજ સભાગ્રુહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૨૩૧ (અગ્રતા –૧૪) (ધારાસભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા (પોરબંદર)) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કે:**

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | નર્મદા યોજનાના તમામ કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન હતું તો તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ કયા પ્રકારના કેટલા કામો બાકી છે, | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત,<br>•તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ નહેર માળખાની કૂલ સુધારેલ અંદાજીત લંબાઇ, પૂર્ણ થયેલ લંબાઇ તથા બાકી રહેલ અંદાજીત લંબાઇ ની વિગતો નીચે મુજબ છે. |

| નહેરનું નામ | કૂલ સુધારેલ અંદાજીત લંબાઇ (કી.મી.) | તા. ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઇ (કી.મી.) | તા. ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ બાકી રહેલ અંદાજીત લંબાઇ (કી.મી.) |
|---|---|---|---|
| મુખ્ય નહેર | ૪૫૮.૩૨ | ૪૫૮.૩૨ | – |

<table>
<tr>
<td></td>
<td></td>
<td>
<table>
<tr><td>શાખા નહેર</td><td>૨૬૮૦.૨૪</td><td>૨૬૭૯.૬૦</td><td>૦.૬૪</td></tr>
<tr><td>વિશાખા નહેર</td><td>૪૬૧૯.૧૬</td><td>૪૪૬૧.૭૬</td><td>૧૫૭.૩૯</td></tr>
<tr><td>પ્રશાખા</td><td>૧૫૫૮૨.૯૭</td><td>૧૪૫૭૬.૯૬</td><td>૧૦૦૬.૦૨</td></tr>
<tr><td>પ્રપ્રશાખા</td><td>૪૬૧૫૬.૭૨</td><td>૪૧૫૯૬.૩૬</td><td>૪૫૬૦.૩૬</td></tr>
<tr><td>કુલ</td><td>૬૯૪૯૭.૪૧</td><td>૬૩૭૭૩.૦૦</td><td>૫૭૨૪.૪૧</td></tr>
</table>
ઉપરોક્ત અંદાજીત લંબાઈમાં હજુ વધ/ઘટ થવા સંભવ છે.<br>
• લઘુ જળ વિદ્યુત મથકોમાં કુલ ૮૫.૪૬ મેગાવોટના પ્રોજેક્ટ પૈકી તા. ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ ૬૩.૮૦ મેગાવોટ્ના કામો પૂર્ણ થયેલ છે. જ્યારે બાકીના કામ પ્રગતિમાં છે.
</td>
</tr>
<tr>
<td>૨</td>
<td>નર્મદા યોજના પૂર્ણ થવાથી ગુજરાત રાજ્યમાં આશરે ૧૮.૪૫ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળવાની શક્યતા હતી તો ઉક્ત સ્થિતિએ કેટલા હેક્ટરમાં નર્મદા યોજનાથી સિંચાઈનો લાભ</td>
<td>નર્મદા યોજનામાં તા.૩૧.૧૨.૨૦૨૩ સુધી સબમાઈનોર સુધીના કામો પૈકી ૧૫.૫૩ લાખ હેક્ટર પિયત વિસ્તાર વિકસીત થયેલ છે અને સિંચાઈનો લાભ આપી શકાય તેમ છે .</td>
</tr>
</table>

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| | મળે છે, | |
| 3 | ઉક્ત બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | • નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીનસંપાદન, અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ ઓઇલ પાઇપલાઇન વિગેરેની સંબંધિત વિભાગોની મંજુરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.<br>• પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.<br>• સરદાર સરોવર નર્મદા નિગમ લી. નહેર માળખાની સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેરો ઉપર કુલ ૨૧.૬૬ મેગાવોટ ના ૨ નાના વીજ મથકો બાંધવાની કામગીરી પ્રગતિ હેઠળ છે અને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

## નર્મદા યોજનાના તમામ કામોની પરિસ્થિતી

| | | |
|---|---|---|
| **કેનાલો (કી.મી)** | ૬૯,૪૯૭.૪૧ પૈકી ૬૩,૭૭૩.૦ પુરી ૫૭૨૪.૪૧ બાકી | ૯૧.૭૬ % કામગીરી પુરી.<br>૭૨૪ કિ.મી. ડ્રોપ કરવાની થાય છે. |
| **મુખ્ય બંધ** | ૧૩૮.૬૮ મીટર (કુલ રીઝર્વર લેવલ) | ૧૦૦ % પુર્ણ (તા.૧૭/૦૯/૨૦૧૭ લોકાર્પણ) |
| **આઇ.બી.પી.ટી (ઈરીગેશન બાયપાસ ટનલ)** | મે–૨૦૦૮ માં પુર્ણ | |
| **જળવિદ્યુત મથકો (કેનાલ હેડ તથા રીવર બેડ)** | (૨ પાવરહાઉસ ૧૪૫૦ મેગા વોટ સ્થાપિત ક્ષમતા) | સંપુર્ણ કાર્યરત |
| **સોલાર પાવરપ્લાન્ટ** | કુલ–૪ – ક્ષમતા ૩૫ મેગાવોટ | સંપુર્ણ કાર્યરત |
| **લઘુ જળવિદ્યુત મથકો** | કુલ–૧૮– ક્ષમતા ૮૫.૪૬ મેગાવોટ<br>૨ બાકી (૧–સૌરાષ્ટ્ર શાખા અને ૧–કચ્છ શાખા ઉપર) | કુલ–૧૬ પુર્ણ ૬૩.૮૦ મેગાવોટ ક્ષમતા સાથે ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતીએ |
| **વિકસીત થયેલ સિંચાઇ ક્ષમતા** | ૧૭.૯૨ લાખ હેક્ટર સિંચાઇ ક્ષમતા પૈકી | ૧૫.૫૩ લાખ હેક્ટર વિક્સીત (૮૬.૬૬%) ૨.૩૯ બાકી |

**મુખ્ય પેજ**

➢ તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ.

| નહેરનું નામ | કૂલ સુધારેલ અંદાજીત લંબાઇ (કી.મી.) | તા. ૩૧.૧૨.૨૩ ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઇ(કી.મી | તા.૩૧.૧૨.૨૩ ની સ્થિતિએ બાકી રહેલ અંદાજીત લંબાઇ (કી.મી. | **તા.૩૧.૧૨.૨૩ ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઇ (%.)** |
|---|---|---|---|---|
| મુખ્ય નહેર | ૪૫૮.૩૨ | ૪૫૮.૩૨ | - | **૧૦૦%** |
| શાખા નહેર | ૨૬૮૦.૨૪ | ૨૬૭૯.૬૦ | ૦.૬૪ | **૯૯.૯૮%** |
| વિશાખા નહેર | ૪૬૧૯.૧૬ | ૪૪૬૧.૭૬ | ૧૫૭.૩૯ | **૯૬.૫૯%** |
| પ્રશાખા | ૧૫૫૮૨.૯૭ | ૧૪૫૭૬.૯૬ | ૧૦૦૬.૦૨ | **૯૩.૫૪%** |
| પ્રપ્રશાખા | ૪૬૧૫૬.૭૨ | ૪૧૫૯૬.૩૬ | ૪૫૬૦.૩૬ | **૯૦.૧૨%** |
| **કુલ** | **૬૯૪૯૭.૪૧** | **૬૩૭૭૩.૦૦** | **૫૭૨૪.૪૧** | **૯૧.૭૬%** |

**નોંધ :- જે પૈકી ૭૨૪ કિ.મી. નહેરોનુ બાંધકામ ઔદ્યોગિકરણ વિગેરે જેવા કારણોસર કરવાનુ રહેતુ નથી.**

➢ મીસીંગ લીંકના કામો ઝડપથી પૂર્ણ કરવા સરકારશ્રી દ્વારા યુધ્ધના ધોરણે નવેમ્બર-૨૦૨૩થી અભિયાન શરૂ કરવામાં આવેલ છે.

➢ **જેમાં કુલ ૪૭૬૭ સર્વે નંબર પૈકી ૧૭૯૭ સર્વે નંબરોમાં ઉકેલ આવેલ છે.**

**મુખ્ય પેજ**

**યુટીલીટી ક્રોસિંગના નીચેમુજબની વિગતે બાકી કામગીરી હતી જે પૈકી સંબંધિત વિભાગો દ્વારા ૮૦ ટકા મંજુરીઓ મળી ગયેલ છે. જેના કામ પ્રગતિ હેઠળ છે.**

| Name of crossing | Total km |
|---|---|
| NH crossing | 0.31 |
| Railway | 11.02 |
| IOCL | 2.05 |
| Power Line crossing | 3.98 |
| Other | 5.94 |
| Grand Total | 23.30 |

મુખ્ય પેજ

# નહેરોની કામગીરી:

Status of Canal Network

| | |
|---|---|
| Length of Canal : | 69497 km |
| Completed: | 63773 km |
| To be dropped: | 724 km |
| Remaining: | 5000 km |
| Minor and above: | 1091 km |
| Sub Minor: | 3909 km |

- સરદાર સરોવર જળાશય યોજનામાં રાજસ્થાન સરહદ સુધી ૪૫૮ કી.મી. લાંબી કોંક્રીટ અસ્તરકામવાળી મુખ્ય નહેર છે. જે કેવડીયાના મુખ્ય નિયંત્રકમાંથી નીકળે છે તેની આલેખિત વહનશક્તિ ૧૧૩૩ ઘનમીટર પ્રતિ સેકન્ડ (૪૦૦૦૦ ઘનફૂટ પ્રતિ સેકન્ડ) છે, જે ઘટીને રાજસ્થાન સરહદે ૭૧ ઘનમીટર પ્રતિ સેકન્ડ (૨૫૦૦ ઘનફૂટ પ્રતિ સેકન્ડ) થશે, નર્મદા નદીનું પાણી મુખ્ય નહેર મારફત રાજસ્થાન રાજ્યને માર્ચ–૨૦૦૮ થી પહોંચાડવામાં આવે છે. આ નહેર ગુજરાતના ૧૭ જીલ્લાનાં ૭૯ તાલુકાની ૧૭.૯૨ લાખ હેક્ટર પિયત વિસ્તારમાં સિંચાઈની સગવડ પુરી પાડશે.
- સરદાર સરોવર (નર્મદા) યોજના ની કુલ ૧૭.૯૨ લાખ હેક્ટર સિંચાઇ ક્ષમતા પૈકી તા.૩૧.૧૨.૨૦૨૩ ની પ્ર–પ્રશાખા નહેરો સુધીની ૧૫.૫૩ લાખ હેક્ટર ના વિસ્તાર વિકાસના કામો પૂર્ણ થયેલ છે. ખેડૂતોની માંગણી અને પાણીની ઉપલબ્ધતાના

આધારે જળવર્ષ ૨૦૨૨–૨૩ (જુલાઇ–૨૦૨૨ થી જુન–૨૦૨૩) સુધી ૧૩.૭૦ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ થયેલ હોવાનું નોંધાયેલ છે.

- નહેર માળખાનાં પ્રશાખા નહેરોના કામો જમીન સંપાદન અને અન્ય યુટીલીટી ક્રોસીંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ ઓઇલ પાઇપ લાઇન વિગેરે ની સંબંધિત વિભાગો ની મંજુરી મળ્યા બાદ વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.
- પ્ર–પ્રશાખા સ્તર સુધીની નહેરોના ઝડપી બાંધકામ અને તેની અમલીકરણ અર્થે વર્ષ ૨૦૧૨ માં ઓપન ચેનલ તેમજ ભૂગર્ભ પાઇપલાઇન (યુજીપીએલ) એમ બંને વિકલ્પો ખુલ્લા રાખી જનભાગીદારી સુનિશ્ચિત કરવા નવી નીતિ ઘડી કાઢવામાં આવેલ છે.
- પ્ર–પ્રશાખા નહેરોના બાકીના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ તબક્કાવાર પિયત વિસ્તાર ના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

મુખ્ય પેજ

# મુખ્ય બંધ:

- ૧૨૧૦ મી. લંબાઇ તથા ૧૬૩ મીટર ઉંચાઇ ધરાવતા કોંક્રીટ ગ્રેવિટી ડેમનું બાંધકામ તેના સ્પીલવે ઉપરનાં ૩૦ રેડીયલગેટ સહિત પૂર્ણ થઇ ગયેલ છે. અને તા. ૧૭/૦૯/૨૦૧૭ ના રોજ માન.પ્રધાનમંત્રીશ્રીના વરદ હસ્તે ડેમનું રાષ્ટ્રને લોકાર્પણ કરવામાં આવેલ હતું. સરદાર સરોવર બંધની નીચેવાસમાં ગરુડેશ્વર વિયર અને ગોરા હાઇ લેવલ બ્રિજની કામગીરી પૂર્ણ થયેલ છે.

# આઈ. બી. પી. ટી:-

- ઈરીગેશન બાયપાસ ટનલ (આઈ.બી.પી.ટી.) નું કામ માહે મે-૨૦૦૮ માં પૂર્ણ કરવામાં આવેલ છે

# જળ વિદ્યુત મથકો:

- સરદાર સરોવર યોજના ના બંન્ને પાવર હાઉસ કાર્યરત કરતા ૧૪૫૦ મેગાવોટ ની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવામાં આવેલ છે. આ પાવર હાઉસ માંથી વર્ષ ૨૦૨૩-૨૪માં ડિસેમ્બર -૨૦૨૩ સુધી ૩૦૮.૮ કરોડ વીજ યુનિટનુ ઉત્પાદન થયેલ છે. આમ ડિસેમ્બર -૨૦૨૩ ના અંત સુધીમાં કુલ ૫૯૩૫ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન થયેલ છે.

મુખ્ય પેજ

- વડોદરા શાખા નહેર પર બાંધવામાં આવેલ કેનાલ ટોપ/ બેન્ક સોલાર પાવર પ્લાન્ટ, કુલ ,મળીને ૩૫ મેગાવોટ ક્ષમતાના પાવર પ્લાન્ટ સ્થાપવાની કામગીરી પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવેલ છે. આ સોલાર પાવર પ્રોજેક્ટ થકી વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ડિસેમ્બર -૨૦૨૩ સુધી ૩.૧૭ કરોડ વીજ યુનિટનું વીજ ઉત્પાદન થયેલ છે. આમ ડિસેમ્બર -૨૦૨૩ ના અંત સુધીમાં કુલ ૩૫.૯૩ કરોડ વીજ યુનિટનુ ઉત્પાદન થયેલ છે.

- નર્મદા યોજનાની વડોદરા, મિયાગામ, સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેર ઉપર જુદી જુદી જગ્યાએ લઘુ વીજ મથકો ના બાંધકામ ની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ લઘુ વીજ મથકો મારફ્ત આશરે ૮૫.૪૬ મેગા વોટ વીજ ઉત્પાદન કરવાનું આયોજન છે, જેમાથી ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ કુલ ૬૩.૮૦ મેગાવોટ ના ૧૬ વિજ મથકોની કામગીરી પૂર્ણ કરી અને કાર્યરત કરવામાં આવેલ છે અને બાકી રહેતા ૨૧.૬૬ મેગાવોટ ના ૨ લઘુ વીજ મથકો બનાવવા કામ્ગીરી પ્રગતિ હેઠળ છે અને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. આ લઘુ વીજ મથકો થકી વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ડિસેમ્બર -૨૦૨૩ સુધી ૭.૫૪ કરોડ વીજ યુનિટનું વીજ ઉત્પાદન થયેલ છે. આમ ડિસેમ્બર -૨૦૨૩ ના અંત સુધીમાં કુલ ૪૨.૦૨ કરોડ વીજ યુનિટ ઉત્પાદન થયેલ છે.

મુખ્ય પેજ

# સરદાર સરોવર યોજનાના નહેર માળખાના કામોમાં વિલંબ થવાના કારણો

- સરદાર સરોવર યોજનાની મુખ્ય નહેર થી પ્રશાખા નહેર સુધી આશરે **પ૩૦૦૦ હેકટરથી પણ વધુ ખાનગી જમીન સંપાદન** કરવાનું થાય છે, જે તબક્કાવાર સંપાદન કરવામાં આવે છે. વધુમાં, જમીન સંપાદન અંગેનો નવો નિયમ ૨૦૧૩ થી અમલમાં આવતા બાકી રહેલ જમીન સંપાદનનુ કામ નવા નિયમ મુજબ કરવાનુ થયુ. જમીન સંપાદનની કામગિરી ખુબજ જટીલ પ્રક્રિયા હોઈ પેંડિંગ કેશોનો નિકાલ કરતા ત્રણથી ચાર વર્ષ થતા હોય છે.
- યોજના માટે આશરે ૪૬૧૫૭ કિ.મી લંબાઈની પ્ર–પ્રશાખાનૂ બાંધકામ કરવાનુ થાય છે. અગાઉની નિતી મુજબ **પ્ર–પ્રશાખાના બાંધકામની કામગીરી ખેડુતોએ કરવાની** હતી. પરંતુ સદર કામગીરી મોંઘી હોઈ તેમજ તાંત્રિક દ્રષ્ટિએ સરળ ના હોઈ ખેડુતો કરી શકે તેમ ન હતા માટે સરકાર દ્વારા પ્રજાભિમુખ નિર્ણય લઈ કામગીરી સરકાર દ્વારા કરવામાં આવી રહેલ છે. બાકી રહેતા નહેર માળખાના કામોમાં મુખ્યત્વે પ્ર–પ્રશાખા નહેરોના કામ બાકી છે. હાલમાં પણ પ્ર–પ્રશાખા નહેરોના કામો ખેડુતોની ભાગીદારી સાથે થતા હોઈ તબક્કાવાર પિયત વિસ્તાર ના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ કરવામાં આવી રહેલ છે.

મુખ્ય પેજ

- નહેર માળખાનાં પ્રશાખા સુધીના નહેરોના કામોમાં **<u>યુટીલીટી ક્રોસીંગ્સ</u>** જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ ઓઈલ પાઈપ લાઈન વિગેરે ની સંબંધિત વિભાગો ની મંજુરી મેળવવાની રહે છે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦૯ થી ચાલતી બધી યોજનાઓનું પ્રાથમિકતા આપી પુરી કરવા શરૂ કરેલ, જેનો ગુજરાતમાં પણ અમલિકરણ કરવામાં આવેલ. ભારતમાલા જેવા પ્રોજેક્ટ યુદ્ધના ધોરણે ત્રણ વર્ષમાં પુર્ણ કરવામાં આવેલ. જેના કારણે નહેરોના ક્રોસિંગની પરવાનગી તેમજ તેના માટે વિશેષ વ્યવસથા કરવાની ઉભી થયેલ છે.
- સરદાર સરોવર યોજનામાં આશરે ૬૯૪૯૭ કિ.મી જેટલી લંબાઈની નહેરોનુ બાંધકામ કરવાનું થાય છે. કોઈપણ બંધના નહેરોનું માળખુ મોટી લંબાઈના હોવાના કારણે તે સમય માંગી લેતા હોય છે. જેના જીવંત ઉદાહરણ ભાખરા નાંગલ, નાગાર્જુન સાગર, ઓમકારેશ્વર યોજના વગેરે. વધુમાં નહેર માળખાના કામો અલગ– અલગ જગ્યાએ કરવાના થતા હોય છે. એટલે **<u>આટલુ વિશાળ માળખુ</u>** ધરાવતાં નહેરોના કામોમાં વિલંબ થવાનો સંભવ છે. આમ છતાં, સરકારશ્રી દ્વારા સમયાંતરે જરૂરી પગલાં લેવામાં આવેલ હોઈ નહેર માળખાનાં કામોની આટલી પ્રગતિ શક્ય બનેલ છે. આટલુ ઝડપથી નહેર માળખાનાં કામો કોઇ પણ જગ્યાએ થયેલ નથી.

# સરદાર સરોવર નર્મદા યોજના અંતર્ગત કચ્છ વિસ્તારને લાભો

- ભૌગોલિક દષ્ટિએ કચ્છ જિલ્લો રાજ્યમાં સૌથી મોટો જિલ્લો છે. રાજ્યના કુલ વિસ્તારના અંદાજે ૨૫% વિસ્તાર કચ્છ જિલ્લાનો છે. પરંતુ, કચ્છમાં અડધાથી વધારે રણ અને વેરાન વિસ્તાર છે. ઉનાળાની શરૂઆતમાં કચ્છમાંથી ખાસ કરીને માલધારીઓ અન્ય પ્રદેશમાં સ્થળાંતર કરતાં જોવા મળે છે અને કચ્છ વર્ષોથી પાણીની કારમી તંગીનો સામનો કરતું આવ્યું છે. આવી વિકટ પરિસ્થિતિને પડકાર આપવા અને કચ્છની ધરાની તરસ છીપાવવા સરકારશ્રીએ નર્મદા મૈયાનાં નીરથી કચ્છની ધરતીને પાવન કરવાનું સરાહનીય અને ભગીરથ કાર્ય કર્યું છે.
- નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૮૫.૮૧ કિમી.થી બનાસકાંઠા જિલ્લાના સલીમગઢ ગામ પાસેથી કચ્છ શાખા નહેર નીકળે છે. જે નર્મદા યોજનાની તમામ ૩૮ શાખા નહેરોમાં સૌથી લાંબી છે. કચ્છ શાખાની કુલ લંબાઇ ૩૫૭ કી.મી છે. જે પૈકી સાંકળ ૮૨ કિમી. સુધી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થઇ કચ્છ જિલ્લામાં પ્રવેશે છે.
- **કચ્છ જિલ્લાના કુલ ૧૮૨ ગામોના ૧,૧૨,૭૭૮ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ આપવાનું આયોજન છે.**

મુખ્ય પેજ

- કચ્છ જિલ્લામાં પ્રવેશતાં જમીન ચઢાવ વાળી હોઇ જુદી જુદી **ત્રણ જગ્યાએ પમ્પીંગ સ્ટેશન** બાંધવાનું આયોજન કરેલ છે . જેના થકી **કુલ ૫૫.૧૪ મીટર એટલે કે ૧૮ માળ ઉંચાઇ સુધી** પાણીનું ઉદ્વહન કરી નહેરમાં પાણી વહેવડાવવામાં આવે છે. આ ત્રણ પમ્પીંગ સ્ટેશનનું પ્રથમ અને બીજા તબક્કાનું વિસ્તરણનું કામ પણ પૂર્ણ થયેલ છે.
- કચ્છ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા દૂર કરવા આગોતરા આયોજનના ભાગ રૂપે સૌરાષ્ટ્ર શાખા નહેરની માળીયા શાખાની સાંકળ ૧૩૫ કિમી. ઉપરથી પમ્પીંગ કરી કચ્છ જિલ્લામાં પાઈપલાઈન મારફત ઘરવપરાશના હેતુસર પાણી પહોંચાડવાનું આયોજન અને અમલીકરણ કરેલ હતું. કચ્છમાં વિકાસ પામી રહેલા ઉદ્યોગોને પણ પાઈપલાઈન મારફત પાણી આપવામાં આવી રહેલ છે.
- કચ્છમાં આવેલ **ટપ્પર તથા અન્ય જળાશયોને નર્મદાના પાણીથી ભરી ઉનાળામાં પીવાનું પાણી** ઉપલબ્ધ કરવામાં આવેલ છે, જેનાથી કચ્છમાં પીવાના પાણીની સમસ્યા મહદ્અંશે દૂર થયેલી છે.
- કચ્છ શાખા નહેરના વિતરણ પધ્ધતિની નહેરોનાં કામો પૂરજોશમાં ચાલી રહેલ છે, કામગીરીને વિઘ્નરૂપ થતા પ્રશ્નો જેવા કે, ફળાઉ ઝાડના ખેતરોમાં પાઇપ નાખવામા ખેડૂતોનો વિરોધ, રોડ–રસ્તા–રેલ્વે–ઓઈલ–ગેસ પાઈપલાઈન/ ઈલેક્ટ્રીક લાઈન વિગેરેના ક્રોસીંગ જંગલ ખાતાની સંપાદન

મુખ્ય પેજ

કરવાની જમીન વગેરે જેવા પ્રશ્નોનો ઉકેલ લાવી વહેલી તકે કામો પૂર્ણ કરવા આ સરકાર પ્રયત્નશીલ અને કટિબદ્ધ છે.

- નર્મદા યોજનાની કચ્છ શાખા નહેરના બાંધકામ માટે માટીની જરૂરીયાત ઉભી થતાં શિણાય ડેમમાંથી ફક્ત ૮૭ દિવસમાં, ૯ લાખ ઘનમીટર માટીનું ખોદકામ કરી આ માટી કેનાલમા ઉપયોગ કરાતાં, **કચ્છના શિણાય ડેમમાં અંદાજે ૧૦૦ કરોડ લીટર પાણીની સંગ્રહ શક્તિમાં વધારો થયો છે.**
- કચ્છ શાખા નહેર ઘુડખર અભ્યારણ, કચ્છ ડેઝર્ટ વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી તથા પ્રોટેક્ટેડ ફોરેસ્ટમાંથી પસાર થાય છે અને આ બધામાં **વન્ય પ્રાણીઓ**ની હલન–ચલન, અવર–જવર નહેરની એક તરફથી બીજી તરફ સરળતાથી જઈ શકે તે માટે તેમજ તેમના માટે પીવાના પાણી માટે જરૂરી બાંધકામ કરવામાં આવેલ છે. જે સિંચાઈ યોજનાઓમાં અદ્વિતીય છે.
- કચ્છ જીલ્લામાં નર્મદાનું **શુધ્ધ પાણી ૮૭૭ ગામો અને ૧૪ શહેરોને પૂરૂ પાડવામાં આવી રહેલ છે.**
- નર્મદા નદીમાં ભારે પૂરની સ્થિતિમાં કચ્છને વધારાનું એક મિલીયન એકર ફીટ પાણી ઉપલબ્ધ કરાવવા જરૂરી બાંધકામ જળસંપત્તિ વિભાગ દ્વારા હાથ ધરાયેલ છે.
- કચ્છ શાખા નહેરની કુલ લંબાઇ ૩૫૭.૮૧ કિમી. છે.જે ઓગષ્ટ–૨૦૨૨માં પૂર્ણ થયેલ છે. નર્મદા ડેમથી આશરે, ૭૪૨ કિ.મી દુર માંડવી તાલુકાના મોડકુબા ગામ પાસે નર્મદાના પાણી પહોંચાડ્યા છે માન. વડાપ્રધાનશ્રીએ

તા.૨૮/૦૮/૨૦૨૨ ના રોજ કચ્છ શાખા નહેરનું લોકાર્પણ કરેલ છે.

- ભૂતકાળમાં કચ્છ વિસ્તારમાં ઉનાળાની ઋતુમાં પશુધન અને માલધારીઓ સ્થળાંતર કરતાં હતાં. જે નર્મદાના પાણીના આગમનથી બંધ થયેલ છે.
- કચ્છમાં દુષ્કાળ હવે ભૂતકાળ બની ગયો છે.

-----------

| **કેનાલનો પ્રકાર** | |
|---|---|
| મુખ્ય નહેર | મેઈન કેનાલ |
| શાખા નહેર | બ્રાન્ચ કેનાલ |
| વિશાખા નહેર | ડિસ્ટ્રીબ્યુટરી કેનાલ |
| પ્રશાખા નહેર | માઈનોર કેનાલ |
| પ્રપ્રશાખા નહેર | સબ માઈનોર કેનાલ |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૮

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૫૭૪

## તા.૧૪/૦૨/૨૦૨૪

**નર્મદા વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી : શ્રી શૈલેષ મનુભાઈ પરમાર, દાણીલીમડા**

**પ્રશ્ન : નર્મદા યોજના કામ પુર્ણ કરવા બાબત.**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | નર્મદા યોજનામાં શાખાના પ્રકાર પ્રમાણે કેટલા કીમી.ની નહેરોનુ કામ પૂર્ણ થયેલ છે અને કેટલુ કામ બાકી છે અને તે કયા કયા જિલ્લામાં બાકી છે? | શ્રી અનિરૂધ્ધ દવે, માંડવી |
| ૨ | નર્મદા યોજનાના બાકી રહેતા કામો પુરા કરવા સરકારશ્રી દ્વારા શુ શુ પગલા લેવામાં આવ્યા? | શ્રી કરશનભાઈ સોલંકી, કડી |
| ૩ | નર્મદા યોજનામાં હાલ પ્રશાખા નહેરો સુધીનાં કામો પૂર્ણ કરી જીલ્લાવાર કુલ કેટલી સિંચાઈ ક્ષમતા વિકસિત થયેલ છે? | શ્રી કેશાજી ચૌહાણ(ઠાકોર), દિયોદર |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ :- ૮**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૧૫૭૪**

**નર્મદા વિભાગ**

**તા.૧૪/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી અનિરૂધ્ધ દવે, માંડવી)

➢ **નર્મદા યોજનામાં શાખાના પ્રકાર પ્રમાણે કેટલા કીમી.ની નહેરોનુ કામ પૂર્ણ થયેલ છે અને કેટલુ કામ બાકી છે અને તે કયા કયા જિલ્લામાં બાકી છે?**

**જવાબ:**

➢ હાલમાં નર્મદા યોજનામાં...

| **નહેરનું નામ** | **કૂલ સુધારેલ અંદાજીત લંબાઇ (કી.મી.)** | **તા. ૩૧.૧૨.૨૩ ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઇ (કી.મી.)** | **તા. ૩૧.૧૨.૨૩ ની સ્થિતિએ બાકી રહેલ અંદાજીત લંબાઇ (કી.મી.)** | **પૂર્ણ થયેલ લંબાઇના %** |
|---|---|---|---|---|
| મુખ્ય નહેર | ૪૫૮.૩૨ | ૪૫૮.૩૨ | - | ૧૦૦% |
| શાખા નહેર | ૨૬૮૦.૨૪ | ૨૬૭૯.૬૦ | ૦.૬૪ | ૯૯.૯૮% |
